અપીલ અરજી નં.૨૮૮ તા.૪–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ

સામાવાળાઃ–(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

(૨) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા. ૧૦–૧૧–૦૯ ની અરજીથી (૧) શ્રી આઈ સી. પટેલ માજી. ડે.કમિશ્નર(હે.અને હો.) (૨) શ્રી જે.એન.દેસાઈ સેકશન ઓફિસર (સેન્ટ્રલઝોન) (૩) શ્રી બંકિમ એમ. દેસાઈ પર્સોનલ ઓફિસર(૪) શ્રી બી.સી. પટેલ આરોગ્ય નિરીક્ષક વોર્ડ નં.૨/સી રૂદરપુરા (બરતરફ) (૫) શ્રી જે.બી. ગોહિલ મુખ્ય આરોગ્ય નિરીક્ષક સર્વે અધિકારીઓના રહેઠાણના સરનામાં તથા કોન્ટેકટ નંબરની માહિતીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૮૮/૨૦૦૯–૧૦

શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા. ૧૦–૧૧–૦૯ ની અરજીથી (૧) શ્રી આઈ સી. પટેલ માજી. ડે.કમિશ્નર(હે.અને હો.) (૨) શ્રી જે.એન.દેસાઈ સેકશન ઓફિસર (સેન્ટ્રલઝોન) (૩) શ્રી બંકિમ એમ. દેસાઈ પર્સોનલ ઓફિસર(૪) શ્રી બી.સી. પટેલ આરોગ્ય નિરીક્ષક વોર્ડ નં.૨/સી રૂદરપુરા (બરતરફ) (૫) શ્રી જે.બી. ગોહિલ મુખ્ય આરોગ્ય નિરીક્ષક સર્વે અધિકારીઓના રહેઠાણના સરનામાં તથા કોન્ટેકટ નંબરની માહિતીની નકલ આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૧૭૨ તા.૨–૧૧–૦૯ થી આપેલ માહિતી અયોગ્ય અપૂરતી માહિતી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૦૫ તા.૧૪–૧૨–૦૯ થી ) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) અને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૯૫૫ તા.૨૧–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ સેન્ટ્રલઝોનમાંથી પર્સોનલ ઓફિસર મહેકમને તા.૧૧–૧૧–૦૯ ના રોજ તબદીલ કર્યાના પત્રની નકલ, ડે. કમિશ્નર(પઅનેઈ) તરફથી તા.૧૮–૧૧–૦૯ ના રોજ શહેર વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કર્યાન પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતિ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૯૪ તા.૧૮–૧૧–૦૯ ના પત્રની નકલ મળેલ છે. જયારે સેન્ટ્રલઝોન તરફથી કોઈ પૂરક માહિતી મળેલ નથી.

અરજદારની તા.૧૦–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અરજી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૮૪ તા.૧૧–૧૧–૦૯ થી પર્સોનલ ઓફિસર મહેકમને તબદીલ કરવામાં આવેલ. જે ડે.કમિશ્નર(પઅનેઈ) તરફથી મુદ્દા નં.૧ અને ૩ સિવાયની માહિતી માટે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૯૩ તા.૧૮–૧૧–૦૯ થી તબદીલ કરવામાં આવેલ અને મુદ્દા નં.૧ અને ૩ ની માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૯૪ તા.૧૮–૧૧–૦૯ ના રોજ અરજદારને આંશિક માહિતી " રેકર્ડ મુજબ માજી. ડે.કમિશ્નર(હેઅનેહો) ડો. આઈ સી. પટેલના રહેઠાણની વિગત " બી–૩૪, પવિત્રા રો–હાઉસ, ગેટ નં.૨, સહજ સુપર સ્ટોર નજીક, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત છે.જયારે શ્રી બંકિમભાઈ એમ. દેસાઈ પર્સોનલ ઓફિસર (આર) તરીકે કોઈ નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે શહેર વિકાસ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સેન્ટ્રલઝોન આરટીઆઈ જાવક નં.૧૧૭૨ તા.૨–૧૧–૦૯ થી શ્રી જે. બી. ગોહિલ મુખ્ય આરોગ્ય નિરીક્ષક મગનનગર સોસા.વિ–૧, કતારગામ, સુરત–૪, ફોન નં.૯૯૨૫૫ ૫૮૨૮૮ જયારે શ્રી જે. એન. દેસાઈ સેકશન ઓફિસર નિવૃત થયેલ છે જયારે શ્રી બી.સી. પટેલ આરોગ્ય નિરીક્ષક બરતરફ થયેલ છે/મરણ પામેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૪–૧૨–૦૯ ના રોજ અયોગ્ય અને અપૂરતી માહિતીની નકલ હોવા બાબત જણાવી શ્રી બંકિમભાઈ દેસાઈ પર્સોનલ ઓફિસરની તથા શ્રી જે. એન. દેસાઈની સેકશન ઓફિસરની હાલના નિવૃત ઘરના સરનામાંની તથા કોન્ટેકટની માહિતીની નકલ મેળવવા રજૂઆત કરેલ છે. જે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. માં ગેલ માહિતી પૈકી અધિકારી/કર્મચારીઓની વિગત આરટીઆઈ એકટની કલમ–૪(૧) બી ની મેન્યુઅલ ૯ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં સમાવિષ્ટ છે.વધુમાં અરજદારે અપીલ અરજીમાં બંકિમ દેસાઈ પર્સોનલ ઓફિસર તરીકેની સ્પષ્ટતા પણ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જયારે શ્રી દેસાઈ તથા શ્રી પટેલ નિવૃત થયેલ હોઈ જાહેર સેવક તરીકેના દરજજામાં ગણાય નહીં તેથી તેમના કિસ્સામાં તેટલી માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧) જે હેઠળ વ્યકિતગત પણ ગણાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી બંકિમ દેસાઈની નહીં પૂરી પડાયેલી માહિતી. આરટીઆઈ ની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મહેકમને જણાવવામાં આવે છે.

જયારે શ્રી જે એન. દેસાઈ તથા શ્રી બી.સી. પટેલ હવે જાહેર સેવક ન હોઈ તેમની માહિતીના ઈન્કાર અંગેનો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય બહાલ રાખવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખઃ –૧ – ૧૦

**ડે.કમિશ્નર(જનરલ),**<br>
**અને એપેલેટ ઓફિસર**<br>
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ.) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ, શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ